સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

દહન કરી આવો ને - ઉજવો વિજયા દસમી,
ત્યાં જન્મે નવા રાવણ, ઉજવો વિજયા દસમી -
છે આ બધી રામલીલા, ઉજવો વિજયા દસમી
જીતે ઈ રામ સ્વીકારી, ઉજવો વિજયા દસમી

હાઈકુ

મરતા નથી,
આજના આ રાવણ -
રામથી પણ...
(અમૃતકુંભ વાળા)

દાઝે ને પડે
ફૂટી જાય છતાં ય -
છે અગ્નિપ્રૂફ!!
(અમર ને નેતૃત્વ)

ચિંતન

આપદર્થે ધનં રક્ષેદારાન્ રક્ષેદ્ધનૈરપિ ।
આત્માનં સતતં રક્ષેદ્દારૈરપિ ધનૈરપિ ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

આપત્તિમાં કામ આવે તે માટે ધનની રક્ષા કરવી જોઈએ. ધનનો વ્યય કરીને પણ સ્ત્રીની રક્ષા કરવી જોઈએ અને સ્ત્રી તથા ધનથી આત્માની હંમેશા રક્ષા કરવી જોઈએ.

વેદમાં પણ કહ્યું છે કે 'આત્માનં ગોપાયેત્' આત્માની હંમેશ રક્ષા કરવી, આત્માને સાચવવો, આત્મકલ્યાણ કે આત્માના રક્ષણ માટે સર્વસ્વનો ત્યાગ પણ ઈષ્ટ છે.

વિદુરજી એ ટૂંકમાં ધન અને તે દ્વારા સ્ત્રી-ઘર પરિવાર અને એ બધાં દ્વારા 'આત્મ કલ્યાણ' કરવાની સુવિધા ઊભી કરવી જોઈએ.

સુવિચાર

- યહાં ગમ કિસી સે કમ નહિં, પર ગમ સે ડર જાયેં વો હમ નહિં - **અક્ષય અંતાણી**
- સ્વદેશ પ્રેમ દુરાત્માની અંતિમ શરણ છે - **આનંદશંકર ધ્રુવ**
- પોતાની અજ્ઞાનતાનો આભાસ બુદ્ધિમતાના મંદિરનું પ્રથમ સોપાન છે - **મુંબઈ સમાચાર**
- જે અધ્યયન વગર કેવળ કલ્પનામાં રાચે છે તેને અવશ્ય પાંખ છે પણ પગ નથી - **સ્ટીફન કોવી**
- જે અવસરનો - સમયનો સદ્ઉપયોગ કરવાનું જાણે છે એ તેને પેદા પણ કરી શકે છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- આપણા રક્તમાંથી આંસુ બને છે, તો બેકાર જતાં નથી, જે લોકોએ દીનહીન માટે આંસુ વહાવ્યાં છે, પરમાર્થ માટે આંસુ છલકાવ્યાં છે, બીજાના દુ:ખ સંકટ જોઈ આંસુ પાડ્યા છે, તે આંસુ કયારેય નિષ્ફળ જતાં નથી - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ગઠિયા વા ની તકલીફમાં કાંદાના રસમાં સરસવ તેલ ભેળવી માલિશ કરવાથી રાહત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

રામચરિત માનસની લોકપ્રિયતા વધતી જતી હતી. તુલસીદાસની અદેખાઈ કાશીના સંસ્કૃત વિદ્વાનો, પંડિતો કરી રહ્યા હતા. પંડિતો ને લાગ્યું કે લોકભાષામાં પ્રગટ થયેલ રામચરિત માનસ સૌ વાંચશે અને એમના સંસ્કૃત ભાષામાં લખાયેલા ધર્મગ્રંથોનોકોઈ ભાવ નહીં પૂછે. અને બ્રાહ્મણોની મહત્તા ઘટી જશે. આથી એમણે રામચરિત માનસની પોથી ચોરી લાવવા બે ચોરોને મોકલ્યા.

ચોર તુલસીદાસના આવાસમાં પ્રવેશ્યા અને જોયું તો રાત્રે બે દિવ્યરક્ષકો રક્ષા કરતા હતા, ચોરો પાછા ગયા અને બીજા દિવસે તુલસીદાસ પાસે આળીને પૂછ્યું, 'આપના ઘરમાં ધનુષબાણ ધારણ કરનારા બે કિશોરો કોણ છે?? જે આખી રાત જાગતા રહીને પહેરો ભરે છે?'

આ સાંભળીને તુલસીદાસ રડી પડ્યા અને બોલ્યા, 'ભાઈઓ તમે ધન્ય છો તમે ભગવાન રામ લક્ષ્મણના દર્શન કરી શક્યા.'

ચોરો તુલસીદાસની વાત સાંભળી પસ્તાવો કરવા લાગ્યા અને પાપકર્મ છોડી પ્રભુભજનમાં લાગી ગયા.

કોમી એકલાસનાં પર્વોની યુતિ

તંત્રીસ્થાનેથી...

મૂળ શબ્દ તો 'વિજય દશમી' છે. વ્યવહારમાં આપણે એને વિજયાદશમી કે દશેરા કહીએ છીએ. ચોમાસાની પૂર્ણાહૂતિ અને શિયાળાનો સંધિકાળ. ઋતુચક્રમાં આ દિવસ ખૂબ જ પવિત્ર મનાયો છે. જે મહત્ત્વ મકરસંક્રાતિ કે અક્ષયતૃતીયાનું છે તે જ દશેરાનું પણ છે. એ કોઈ પણ કાર્યના શુભારંભ માટેનું વણજોયું મુર્હૂત છે. ઋતુચક્રની બહાર જઈ ધન્વંતરિ પ્રાગટ્યપર્વ - ધનતેરસ અને જ્ઞાનપંચમી કે લાભપાંચમ ને પણ એ ત્રયી સાથે જોડી હિંદુ ધર્મનાં પરંપરાગત શ્રેષ્ઠ મુર્હૂતોમાં ઉમેરી દેવાયાં છે. દશેરા પાછળની પૌરાણિક કથા તો મહાભારત યુગ સુધી લંબાય છે. પાંડવોએ ગુપ્તવાસ દરમિયાન શમી વૃક્ષના થડ પાસે દિવ્ય શાસ્ત્રો છુપાવ્યાં હતા. જયારે કુંતીએ વ્યથિત થઈ સંધિવિગ્રાહક કૃષ્ણ સાથે 'પાર્થને કહો, ચડાવે બાણ / હવે તો યુદ્ધ એ જ કલ્યાણ' નો સંદેશો પાઠવ્યો ત્યારે પાંડવોએ એ શમીવૃક્ષ (ખીજડાના ઝાડ)નું પૂજન કરી શસ્ત્રો બહાર કાઢ્યા અને યુદ્ધની તૈયારી શરુ કરી. એ મહાન મહાકાવ્યાત્મક ઘટનાની સ્મૃતિમાં પાંચ હજાર વર્ષ પછી આજે પણ શસ્ત્રપૂજન અને વાહન પૂજનની પરંપરા એક યા બીજા સ્વરુપે ચાલુ રહેવા પામી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નિયમિત રુપે આ પરંપરાને પોષતો રહ્યો છે તો વળી ક્ષત્રિયો માટે તો આ એમના પ્રતાપી પૂર્વજોના તર્પણનો શુભદિવસ બની રહ્યો છે. મૈસૂરમાં સૌથી મોટા તહેવાર તરીકે દશેરા મહોત્સવ ઉજવાય છે, જે માત્ર જૂના રાજવી પરિવારનો ન રહેતા લોકોત્સવમાં ફેરવાઈ ગયો છે. એ જ રીતે ઉત્તર ભારતમાં હિમાલયની ગોદમાં વસેલા કુલુના દશેરા પર વિશ્વ વિખ્યાત છે. દશેરા સાથે પાંડવોની સ્મૃતિ જોડાયેલી છે. પાંડવ પક્ષે ધર્મ હતો, એથી ભગવાન કૃષ્ણને અર્જુનનું સારથિપણું સ્વીકારવું પડ્યું. આ અધર્મ ધર્મના વિજયનું પર્વ છે. એ પરંપરાગત શાશ્વત મૂલ્યોની સાચવણીનું પર્વ છે. આપણને એ અંદરના જ અધર્મી ષડ્રિપુઓ સામે યુદ્ધરત રહેવા ઉશ્કેરે છે. યોગાનુયોગ આ વર્ષે દશેરા, મહોરમ અને ગાંધીજયંતિની અદ્ભૂત ત્રિવેણી રચાઈ છે. આમ જુઓ તો આ ત્રણેમાં શ્રેષ્ઠ માનવીય મૂલ્યોની જ આલબેલ પોકારાઈ છે. ઈસ્લામના પવિત્ર સિદ્ધાંતો ખાતર શહીદી વહોરનાર વીર યોદ્ધાની માતમ પાછળ જુલૂસ નીકળે છે. શેરીએ શેરીએ ફેરવ્યા પછી તાજિયા ટાઢા કરાય છે. હિંદુસ્તાનમાં મહોરમ પણ સર્વમાન્ય બિનસાંપ્રદાયિક પર્વ બની ગયું છે. 'યા હુસેન' કહી પૂરી તાકાતથી રાજિયા લેતા મુસ્લિમ બંધુઓ સાથે ગામે ગામ હિંદુ પાડોશીઓ પણ જોડાતા હોય છે. વળી તાજિયા નીચેથી પસાર થનાર બાળકને તાવતરિયો નથી આવતો એવી ઊંડી શ્રદ્ધા સાથે યુવાન માતાઓ એમનાં ધાવણાં બાળકોને તેડીને એમને તાજિયા હેઠળ નમાવે છે. આવા લોકોત્સવોને જયારે સાંપ્રદાયિક રંગે રંગવાની કોશિશ થાય છે ત્યારે વર્ષોનું કોમી એખલાસનું વાતાવરણ જોખમાય છે. ભૂતકાળમાં ઘણી જગ્યાએ આવી ઘટનાઓ બની છે અને તાજિયા જુલૂસના રૂટ બદલવા પડ્યા છે. દેશ માટે આવા લોકપર્વો વૈમનસ્યનું નિમિત્ત બની રહે એથી મોટી વિડંબના બીજી કઈ હોઈ શકે? ભારત તો સર્વ સમાવેશી સંસ્કૃતિનો દેશ છે. અહીં સૌનો સ્વીકાર છે, નકાર કોઈનો નથી. કદાચ એ સંસ્કારોને કારણે જ હિંદુસ્તાન હોવા છતાં એ માત્ર હિંદુઓના આધિપત્ય વાળો ધર્માન્ધ દેશ નથી બની શક્યો. અહીં તમામ ધર્મો પ્રત્યે સદ્ભાવ અને સમભાવ છે. એટલે જે જગદ્ગુરુ છે!

જન્મદિનના આશીર્વાદ પાઠવનાર વડીલને બાપુ સમજાવટ ન ચૂકતા

ગાંધીજી તેમનો જન્મદિવસ કેવી રીતે ઉજવતા ?

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

હિન્દુ પંચાગ મુજબ મહાત્મા ગાંધીનો જન્મ દિવસ હજુ હમણાં જ ગયો. રેટીયા બારસના દિવસે. કેલેન્ડર તારીખ મુજબ આગામી ૨જી ઑકટોબરે બાપુનો જન્મદિવસ આવશે અને ઉજવાશે. દેશભરમાં વિવિધ સરકારી વિભાગો અને સ્વૈચ્છિક સંસ્થાઓ મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ જુદા જુદા કાર્યક્રમો સાથે મનાવાશે. પણ ગાંધીજી ખુદ તેમનો જન્મદિવસ કેવી રીતે મનાવતા હતા અથવા તો જન્મ દિવસે તેઓ રોજિંદા કાર્યો કેવી રીતે કરતા હતા, કોઈ ખાસ આયોજન રહેતું કે તેમને શુભેચ્છા આપનારા વ્યક્તિગત કે પત્ર ગત મુલાકાતીઓને કેવા પ્રત્યુત્તર આપતા હતા એ આજના લેખમાં કેન્દ્રીય છે. જેમાં ગાંધીના જીવન કવનના આધાર પૈકીના વર્ષ ૧૯૩૨ની ૨જી ઓકટોબરનો સમય સંદર્ભ લીધો છે.

૧૯૩૨ના સપ્ટેમ્બર - ઓકટોબર મહિનામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા ગાંધી વચ્ચે વિવાદ ચાલતો હતો, મહાત્મા ગાંધી અનશન પર ઉતર્યા હતા. દલિતો અને અતિ દલિતોના ઉત્થાન માટે જેટલો ત્યાગ હિન્દુ સમાજ કરે. એટલો ઓછો છે, કારણ એ લોકોના સ્વરાજ વિનાનું સ્વરાજ અર્થ વગરનું છે. તેવો મત વ્યક્ત કરતા ગાંધીજીને જી.ડી. બિરલા, તેજબહાદુર સપ્રુ, જયકર અને જવાહરલાલ સહિતના અગ્રણીઓ અને તબીબો સમજાવતા રહ્યા હતા પરંતુ તેઓ ઉપવાસ છોડતા ન હતા. બાપુની તબિયત બગડતી હતી છતાં તેઓ ઉપવાસ છોડતા ન હતા. ઉપવાસના કારણે તેમને સતત ઉબકા આવતા હતા. બાપુની તબિયત ઉપવાસના કારણે સતત બગડતી જતી હતી. ભારત જ નહીં છે કે જર્મનીના મ્યુનિચના એક ડૉકટરને પણ આની ખબર પડી તો તેમણે બાપુને તાર કરીને કહેલું, 'રિટેન્શન એ નીમા લો તો ઉબળા મટશે' તો મુંબઈ અને કલકત્તાના તબીબોએ ઉબકા અટકાવવા માટે સોડા ઉપરાંત ગ્લુકોઝ લેવાનું કહ્યું હતું.

આ તબીબોના તારનો જવાબ ખૂબ શાંતિથી તાર દ્વારા આપતા મહાદેવભાઈને લખાવ્યું હતું કે 'દાકતરો તરીકે તમારી સલાહ સંપૂર્ણ ગણાય, પણ તેનું નૈતિક મૂલ્ય કશું નથી. એક માનવ બંધુ પોતાના ધર્મનો ઈન્કાર કરે એમ તમે ન જ ઈચ્છો.' - તબીબોને આવો જવાબ લખાવતા પાછા ઉબકા આવતા હોવાની વાતને ગળી જઈને બાપુ કહે છે 'ઉપવાસ ઠીક ચાલી રહ્યા છે.'

આ વાતો જન્મદિવસના આગળના દિવસોની થઈ. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૩૨ના બપોરે એક વાગે અંગ્રેજ સરકારે સમાધાન સ્વીકાર્યું હોવાના સમાચાર આવ્યા હતા. સવા ચાર વાગે અંગ્રેજ અધિકારી સરકારનું નિવેદન લઈને આવ્યા હતા. બાપુએ એ વાંચ્યુ પણ આ નિવેદન સાતે જો બાબાસાહેબ સંમત હોય તો જ આપણાથી એ સ્વીકારી શકાય એવી સ્પષ્ટતા બાપુએ કરીને કહ્યું કે આંબેડકર અને તેમના સાથીઓને સંતોષ હોય તો જ એ સ્વીકારાય. પરંતુ ડૉ. કુંઝરુ, રાજાજી અને વલ્લભભાઈએ સંયુક્ત રીતે બાપુને સમજાવ્યા કે 'બાપુ, હવે વધારે આગ્રહ કરવાની જરૂર નથી એ લોકોને આ પસંદ છે.' એ પછી બાપુએ વાત સ્વીકારી, સમાધાન સ્વીકાર્યુ. પણ બાપુએ અંગ્રેજ અધિકારી ડૉઈલને બોલાવીને સાવ ધીમા સાદે એટલું કહ્યું, 'આ અસ્પૃશ્યતા નિવારણનું કામ ચાલુ રાખવાને માટે હમણાં મને જે છૂટ આપી છે તે તમારે ચાલુ રાખવી પડશે. આ પછી બરાબર ચાર - સાડાચાર કલાક પછી બાપુએ તેમના ઉપવાસ છોડ્યા હતા.'

બાપુના જન્મદિવસે તેમના મોટાબેને તાર કરીને શુભેચ્છા વ્યક્ત કરી હતી. મોટીબેને તારમાં લખ્યું હતું કે 'અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરું છું કે તમારું શરીર ફૂલના જેવું ખીલે, ઈશ્વર તમારું કલ્યાણ કરો.' જવાબની રાહ જોું છું એવી લાગણી વ્યક્ત કરતાં બાપુએ તેમને તારમાં જવાબ આપ્યો : 'ઈશ્વરની કૃપાથી ફૂલની જેમ ખીલી રહ્યો છું (ઉપવાસ એમના માટે ખીલવણી હતી!) પણ અસ્પૃશ્યતાની બાબતમાં તમારું મન સુધારી લીધું ?'

બાપુએ મોટીબેનને આ જવાબ લખાવ્યો એ કાગળ પાછો મોકલ્યો પોતાના મોટાભાઈ

અનુસંધાન પાના નં. ૭ પર

મૃત્યુ કે સ્વતંત્રતા : લખી ન આ લલાટ હાર : કવિ અને પત્રકાર કૃષ્ણલાલ શ્રીધરાણી

ઐતિહાસિક દાંડીયાત્રા સાથે મહાત્મા ગાંધી તથા કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી વચ્ચેનો એક રસપ્રદ સંવાદ જોડાયેલો છે. વાત નાની છે છતાં ફરી ફરી સ્મૃતિમાં આવે તેવી છે. કરાડી (દાંડી પાસે) સત્યાગ્રહ છાવણીમાં એક વખત કવિ શ્રીધરાણી પોતાની તાજી લખાયેલી કવિતા લઈને બાપુ પાસે ગયા. કવિ દાંડીકુચના માહોલ તથા રાષ્ટ્રપિતાના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને આ કુચમાં જોડાયા હતા. કવિએ આ કવિતા 'સપૂત' શીર્ષકથી લખી હતી. કાવ્ય ગાંધીજી પર હતું. કવિએ કાવ્ય લખેલું હતું તે કાગળ બાપુના હાથમાં આપ્યો. ગાંધીજીએ ધ્યાનથી કાગળ જોયો. કાવ્ય વાંચ્યું પરંતુ તે અંગે કોઈ ઉમળકો મહાત્માજીએ બતાવ્યો નહિ. ત્યારબાદ કવિ તરફ દ્રષ્ટિ કરીને બાપુએ પૂછ્યું : '' આ શું છે ? '' '' કવિતા લખી છે બાપુ '' કવિએ થોડા ઉત્સાહથી જવાબ વાળ્યો. મહાત્મા વાત આગળ વધારતા પૂછે છે : '' શા માટે લખી છે ? '' કવિ કહે છે આ વાતનો શો જવાબ આપવો ? કવિ નિરુત્તર રહ્યા એટલે બાપુ કહે : '' જ્યારે તારી પાસે કપાસ કાંતવાનો સમય હતો ત્યારે કવિતાનું કાંતણ કેમ કર્યું ? '' કવિ સહેજ નિરાશાના ભાવ સાથે બહાર નીકળ્યા. પરંતુ પછીથી કવિને અધિકૃત વ્યક્તિ તરફથી સમાચાર મળ્યા કે બાપુને કાવ્ય ગમ્યું હતું. કવિના ગયા પછી આ વાત બાપુએ કોઈને કરી પણ ખરી. વાત ત્યાંથી પૂરી થતી નથી. ગાંધીજી સ્થાપિત વિદ્યાપીઠના અભ્યાસક્રમમાં પણ કવિની આ રચનાનો પછીથી સમાવેશ કરવામાં આવ્યો હતો. બાપુનો પ્રતિભાવ અને કવિની મુઝવણનો આ કિસ્સો જે તે સમયના માહોલની તથા તે માહોલ ઊભો કરી શકનાર દિગ્ગજ મહાનુભાવોની કોઈક અનેરી સમજણની સ્મૃતિ કરાવે છે. આ ઘટનાનો ઉલ્લેખ જાણીતા પત્રકાર તથા લેખક શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ તેમના કૃષ્ણલાલ શ્રીધરાણી પરના પુસ્તકમાં કરેલો છે.

કૃષ્ણલાલ શ્રીધરાણી જેવા સમર્થ વ્યક્તિત્વનું ઘડતર કરવામાં ભાવનગરનું દક્ષિણામૂર્તિ વિદ્યાલય, ગુજરાત વીદ્યાપીઠ તેમજ શાંતિનિકેતન જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. દેશનું એ સદભાગ્ય રહેલું છે કે શિક્ષણની આવી સંસ્થાઓ દ્રષ્ટિવંત લોકોના પ્રયાસોને કારણે જે તે સમયે પાંગરી હતી. શાંતિનિકેતનમાં અભ્યાસ પૂરો કર્યા બાદ શ્રીધરાણી કવિગુરુ ટાગોરના આશીર્વાદ લેવા ગયા. શ્રીધરાણીના હીરને પારખીને ગુરુદેવે તેમના વિદેશ જઈને અભ્યાસ કરવાના કાર્ય માટે ભાવનગરના વિદ્યાપ્રીતિ ધરાવતા દીવાન સર પટ્ટણી પર ભલામણપત્ર લખી આપ્યો. ભાવનગર જેવા રાજ્યની ઉદારતા તથા પટ્ટણી સાહેબ જેવા વહીવટકર્તાની દીર્ઘદ્રષ્ટિને કારણે આવી મદદ થશેજ તેવી ખાતરી પત્ર લખનાર ગુરુદેવને તેમજ પત્રથી લાભાન્વીત થનાર કૃષ્ણલાલને હતી. થયું પણ એમજ. ભાવનગર રાજ્યની છાત્રવૃત્તિ મેળવીને કવિ અમેરીકા ગયા અને ત્યાં ઉચ્ચ અભ્યાસ કર્યો. કવિનો જન્મ સપ્ટેમ્બરની ૧૬મી તારીખે (૧૯૧૧) થયો હતો. તેથી સપ્ટેમ્બર માસમાં કવિનું વિશેષ સ્મરણ થાય છે.

દેશની તે સમયની સ્થિતિમાં આપણી માતાઓ — બહેનોએ અનેક પ્રસંગોએ પોતાના જીવથી પણ વહાલા સંતાનોને ગાંધીની હાકલને માન આપીને રાષ્ટ્રીય શિક્ષણ તેમજ રાષ્ટ્રીય જુવાળ તરફ ડગ ભરવા પ્રેરણા આપી. મહાસત્તા સામે લડવાના પરિણામો વિશે આવી માતાઓ માહિતગાર ન હોય તેમ બને નહિ. પરંતુ તેમને આવા કાર્યોમાં પોતાના પનોતા પુત્રો જોડાય તેમાંજ જીવનની સાર્થકતા લાગતી હતી. આવા ઉમદા વિચારથીજ વિધવા માતાએ પુત્ર કૃષ્ણલાલને નાનાભાઈ ભટ્ટ સ્થાપિત દક્ષિણામૂર્તિમાં અભ્યાસ માટે દાખલ કર્યો. દક્ષિણામૂર્તિ અને નાનાભાઈના ઘડતરમાં શી મણા રહે ? કૃષ્ણલાલને દક્ષિણામૂર્તિમાં જાણે પોતાનું બીજુ ઘર મળી ગયું. કવિ પ્રહલાદ પારેખ તથા સતીષ કાલેલકર જેવા સહાધ્યાયીઓ મળ્યા. દક્ષિણામૂર્તિ પછી જીવનના બીજા તબક્કાના વર્ષોનું ઘડતર ગુજરાત વિદ્યાપીઠમાં થયું. પરંતુ આ તમામ સંસ્કારોના મૂળમાં કવિ-પત્રકાર શ્રીધરાણીને પોતાના દાદીમા પાસેથી નાનપણમાં સાંભળવા મળેલી અનેક કથાઓ તેમજ ઉદાહરણો હતા. શાળા કરતાં પણ વધારે શિક્ષણ તો આ 'ઘરે બેઠા ગંગા' ના પાવન સ્ત્રોતમાંથીજ મળ્યું તેમ તેઓ લખે પણ છે. આપણી આ દાદા-દાદી તથા શિશુ વચ્ચેના સંવાદની ઉજળી તથા જીવન ઘડતરમાં ઉપયોગી પ્રથા આજે કદાચ અલ્પમાત્રામાં જળવાઈ રહી હશે. તેના કારણો ગમે તે હોય પરંતુ તેની એક પૂરી ન શકાય તેવી ખોટ બાળકના સર્વાંગી વિકાસમાં રહી જાય છે. મા બાપ કે દાદા-દાદી સાથે બાળક કે કિશોરનો જીવંત સંવાદ રહ્યો હોત તો કદાચ 'બ્લુ વ્હેલ ગેમ' જેવી ભયાવહ બાબતનો આપણે સામનોકરવો પડ્યો નહોત.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કવિને બાળવયમાં ઘરમાંથી તેમજ યુવાનીમાં ગાંધીજી - ગુરુદેવ તથા નાનાભાઈ જેવા આભ-ઊંચેરા મહામાનવીઓના સ્નેહ તથા પ્રેરણા મળ્યા છે. આથી જગતને સ્નેહ તથા સુંદરતા વહેંચવાની તેમની ઝંખના રહી છે.

મધમાખી તું તારા જેવી
મુજને મીઠી ખંત દે !
કોયલબહેની ! તારા જેવો
મીઠો મીઠો કંઠ દે !
વિશ્વતણો મધુકોશ ભરું
ચૌદ લોક ટહુકાર કરું !

કવિ દાંડીકૂચમાં સામેલ થયા. જેલની સજા ભોગવી. જેલવાસ પૂરો થયા પછી પણ મુક્તિ સંગ્રામમાં સતત સક્રિય રહ્યા. દાંડીકૂચના આ નવયુવાન યાત્રીએ દાંડીકૂચના મહાનાયક ગાંધીજીની ધરપકડ થઈ તેનો જે અહેવાલ લખ્યો તેમાં સાહિત્યકાર શ્રીધરાણીની ભીતરમાં રહેલા હોનહાર પત્રકાર શ્રીધરાણીના દર્શન થતા હતા.

૧૯૫૮નો રણજિતરામ સુવર્ણચંદ્રક કવિના નામે જાહેર થયો. એવોર્ડની અર્પણવિધિ થાય તે પહેલા કવિએ અકાળે મહાપ્રયાણ કર્યું. કવિ વનપ્રવેશ પણ કર્યા પહેલા જગતને અલવિદા કરી ગયા. કવિ દેશ — વિદેશમાં વિચર્યા પરંતુ તેમનું જોડાણ તેઓ જીવ્યા ત્યાં સુધી જગતના દુખિયારાઓ સાથે રહ્યું.

પૃથ્વી તણો દુ:ખિત પ્રાણ છેલ્લો,
ન મોક્ષના ઉંબર માંહી જ્યાં લગી,
દુખાર્ત સંગે બનું એક હું દુઃખી,
ન મોક્ષનો લોભ શકે મને ઠગી !

નગરનાં સર્જકને 'બાલ સાહિત્ય સન્માન'

વૃત્ત સંચય

● નેશનલ ઈન્સ્ટીટયુટ એજ્યુ. ઑફ રીસર્ચ, નવી દિલ્હી દ્વારા તા. ૨૩મી સપ્ટે. ૨૦૧૭ના રોજ રશિયન સેન્ટર ઑફ સાયન્સ એન્ડ કલ્ચર, નવી દિલ્હી ખાતે આયોજિત એક જાહેર ભવ્ય સમારોહમાં; ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનારા મહાનુભાવોનું 'નેશનલ એક્સેલન્સ એવોર્ડ - ૨૦૧૭' થી સન્માન કરવામાં આવ્યું. જેમાં ગાંધીનગરના કવિ-સર્જક અને ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય ડૉ. કનૈયાલાલ ભટ્ટને તેમનાં પત્રકારિતા, નાટ્યકલા, સર્જન, સંશોધન, સાહિત્ય અને કોશ કાર્યમાં ધ્યાન રાખીને 'સાહિત્ય ભારતી એવોર્ડ - ૨૦૧૭'થી ફિલ્મ અભિનેત્રી મહિમા ચૌધરી, અભિનેતા રાકેશ બેદી, ક્રિએટીવ ફિલ્મ દિગ્દર્શક હરવિંદર મારકર, યુએનઆઈના બ્રાન્ડ એમ્બેસડર ડૉ. અમૃતા કાલેર તથા એચએસસી મીડિયા કોર્પો.ના એમ.ડી. અને સંસ્થાના ચેરમેન ડૉ. અમિરામ કુલ શ્રેષ્ઠની વિશેષ ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. ભટ્ટને મળેલ સન્માન એ ગાં. સાહિ. સભા માટે ગૌરવ પૂર્ણ બાબત છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ...

આ સમારોહમાં ડૉ. રમેશ કે. ચૌધરીને 'પરમ સેવા એવોર્ડ' ડૉ. અનિતા ને 'ભારતીશ્રી એવોર્ડ' : મિસિસ ઈન્ડિયા વર્ષ ૨૦૧૬ના વિજેતા મીનુ મહાજન (જમ્મુ કાશ્મીર)ને 'ઈન્ડિયન વુમન એચિવર એવોર્ડ; ડૉ. રમણપ્રીત કૌર (પંજાબ) ને મધર ટેરેસા મેમોરિયલ એવોર્ડ; ડૉ. ચંદ્રકાન્ત વર્માને 'એજ્યુકેશનીસ્ટ ઑફ ધ ઈયર;' મનદીપ ભાસીનને બિઝનેશ પર્સન ઑફ ધ ઈયર; શૈલી કોછરને 'ગ્લોબલ વુમન એચિવર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.'

ગાંધીનગરના ગુજરાતી - હિન્દી કવિ, લેખક અને અનુવાદક તથા ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય ગુલાબચંદ પટેલને રાજકુમાર જૈન ફાઉન્ડેશન અકોલા - રાજસ્થાન દ્વારા બાલસાહિત્ય સર્જન તેમજ સાહિત્યના ક્ષેત્રમાં સેવાઓના પ્રદાન બદલ, રાષ્ટ્રીય કક્ષાએ તા. ૨૬મી નવેમ્બર, ૨૦૧૭ના રોજ ચિત્તોડગઢમાં યોજાનાર રાષ્ટ્રીય બાલ સન્માન સમારોહમાં 'શ્રીમતી ઈન્દિરા દેવી સ્મૃતિ બાલ સાહિત્ય સન્માન-૨૦૧૬' થી સન્માનિત કરવામાં આવશે. અને સન્માનરુપે પ્રશસ્તિપત્ર, ખેસ, રોકડ ધનરાશિ અને બાલસાહિત્યનાં પુસ્તકો ભેટ આપવામાં આવશે. ગુલાબચંદનને મળનાર આ બહુમાન એ ગાંધીનગર અને ગાંધીનગર સાહિત્યસભા માટે એક ગૌરવપૂર્ણ બાબત લેખી શકાય. તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ અંતરની શુભકામનાઓ.

● અમદાવાદના ઈન્કમટેક્ષ કમિશનર અજિતપાલ સિંહ દૈયા રાજસ્થાનના જોધપુરના સિવિલ એન્જિનિયર હોવા છતાં તેઓ અંગ્રેજી ઉર્દૂ અને હિન્દી તથા રાજસ્થાની ભાષામાં કવિતાઓ લખે છે. તેઓના તાજેતરમાં પ્રગટ થયેલા કાવ્યસંગ્રહ 'અપ્પો દીપો ભવઃ' માં પોતાના જીવનના અનુભવોની પ્રતીકાત્મક પ્રસ્તુતિ કરી છે. રોજબરોજના જીવનમાં માનવીના જીવનમાં પેદા થતી ભાવનાઓને તેમણે સરળ અને સ્પષ્ટ શબ્દોમાં નિખારીને; પ્રેમની સરળ અને શુદ્ધ માનવીય અભિવ્યક્તિ તથા શહેરી જીવનની વેદનાઓનું તાદશ વર્ણન કર્યું છે.

● શ્રી રા.વિ. પાઠક સભાગૃહ, અમદાવાદ ખાતે સર્જકના ઉપક્રમે સ્નેહલ નિમાવત લિખિત બે પુસ્તકો 'શબ્દમાં અવતરે છે નરગિસ અને મન ઝરુખો' નો લોકાર્પણ સમારોહ અ.મ્યુ.કો.ના મેયર ગૌતમભાઈ શાહના અધ્યક્ષ સ્થાને અને કૃષ્ણકાન્ત ઉનડકટ - દિવ્ય ભાસ્કરના એડિટર, હાસ્ય લેખક અશોક દવે, જાણીતા નવલકથાકાર - બાળસાહિત્યકાર નટવર ગોહેલ, સાહિત્યકાર - બાળસાહિત્યકાર નટવર ગોહેલ, સાહિત્યકાર અવિનાશ પરીખ, ચિત્રકાર વી. રામાનૂજ તથા કવિ હરદ્વાર ગોસ્વામીના આતિથ્યપણે યોજાઈ ગયો. જેમાં દિવ્ય પ્રાર્થના કુ. કુંજલ શ્રીમાળીએ અને સ્વાગત ઉદ્બોધન અમૃતભાઈ ચૌધરીએ કર્યું હતું. હાસ્યલેખક અશોક દવેએ નરગીસનાં કવન પર પ્રકાશ પાથર્યો હતો અને કૃષ્ણકાન્ત ઉનડકટે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે કવિ સંમેલન આયોજનમાં રમેશ ઠક્કર, રક્ષા શુક્લ, રમેશ ચૌહાણ, વિનય દવે, અજય મોદી, મનીષ પાઠક, 'શ્વેત', કુંતલ નિમાવત તથા દિનેશ પરમાર 'નજર' દ્વારા કવિતાઓ રજૂ કરી, માહોલ જમાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ કવિ હરદ્વાર ગોસ્વામીએ રસાળ શૈલીમાં કર્યું હતું.



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શન મંડળના સભ્ય જનક નાટકની સ્મૃતિમાં સાતદિવસીય નવલિકા આસ્વાદ પર્વ, નર્મદ સાહિત્ય સભા તથા સાહિત્ય સંગમના સંયુક્ત ઉપક્રમે તા. ૧૩ થી ૧૯ ઓગસ્ટ-૨૦૧૭ દરમિયાન સુરત ખાતે યોજાઈ ગયું. આ પર્વ માટે દક્ષેશ ઠાકર, અકાદમીના કાર્યવાહક સમિતિના સભ્ય દ્વારા પ્રથમ દિવસની બેઠકની શરુઆત જનક નાટકની 'એ અને હું' ના પ્રજ્ઞાવશી દ્વારા આસ્વાદથી કરાઈ. મલયાનિલ - ગોવાલણી, સુરેશ જોષીની 'જન્મોત્સવ' નો આસ્વાદ વિજયશાસ્ત્રી દ્વારા; ધનસુખલાલ મહેતા - સ્નેહવદનનો સ્નેહભાવ, ધૂમકેતુની 'પોસ્ટ ઑફિસ', ડૉ. મોહન પરમારની 'ભ્રમણા', રા.વિ. પાઠકની 'ખી છૌલા' ભગવતીકુમારની 'સુવ્વર ની ઓલાદ', સુંદરમ્ની માને ખોળે,' હિમાંશી શેલતની 'થાક'; પન્નાલાલની 'વાત્રકના કાંઠે;' પેટલીકરની 'લોહીની સગાઈ;' બ્રોકરની 'લીલીનું ભૂત', જયંત ખત્રીની 'લોહીનું ટીપું' જેવી નવલિકાઓનો આસ્વાદ કરાવવામાં આવ્યો. આ દિવસોમાં 'વાર્તાને વાર્તા બનાવનાર તત્ત્વો, 'ગુજરાતી નવલિકામાં પારિવારિક જીવન' 'નવલિકામાં પરિવેશ, 'નવલિકામાં કથનપ્રક્રિયા જેવા વિવેચનલક્ષી વિષયો પર વકતવ્યો અપાયા હતા.'

- muljibhaidadhi@gmail.com